# ઔદ્યોગિક જૂથના જન સમ્પર્ક માંધાતા પરિમલ નથવાણી

**જન્મ : ૧ ફેબ્રુઆરી ૧૯૫૬**

*ગુજરાતનો સૌથી વિશાળ સાગરકાંઠો જામનગર જિલ્લાનો. આથી ધીરૂભાઇ અંબાણીએ વૈશ્વિક કક્ષાનું પેટ્રો સંકુલ ઊભું કરવા જામનગર નજીકના મોટી ખાવડી વિસ્તાર પર પસંદગી ઉતારી. હજારો એકર જમીન સંપાદન કરવા કલેક્ટરે જાહેરનામા પ્રસિદ્ધ કર્યા. વર્ષોથી ખેતી કરી રહેલા ખેડૂતો પાસેથી જમીનનો કબજો લેવામાં સરકારી તંત્રને પણ નાકે દમ આવી ગયો. મહત્વકાંક્ષી પ્રોજેક્ટ ટાઇમ લિમિટમાં પૂર્ણ થાય એ માટે ધીરૂભાઇ અંબાણી બધું જ કરી છૂટવા તૈયાર પરંતુ આ વાત ગામડે-ગામડે ખેડૂતો પાસે જઇને તેને ગળે કોણ ઉતારે ? ગ્રામીણ ખેડૂતોને રાજીખુશીથી જમીનનો કબજો રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝને સોંપવા માટે સમજાવવા માટે તો 'ગૌમઠી જન' સમ્પર્કવાળી વ્યક્તિની જરૂર પડે.*

*પ્રોજેક્ટના પ્રશ્ને કોઇ ઢીલને અવકાશ આપવામાં નહિ માનનારા ધીરૂભાઇ અંબાણીને ભેંટો થયો પરિમલ નથવાણીનો. પરિમલ નથવાણીએ ખૂબજ ટૂંકાગાળામાં ધીરૂભાઇની ઇચ્છા મુજબ રિલાયન્સ પેટ્રો સંકુલની જમીન સંપાદનનો પ્રશ્ન બખૂબી ઉકેલી નાખ્યો અને અંતે રિલાયન્સ રિફાઇનરીનો પ્રોજેક્ટ સાકાર થયો. નસે-નસમાં જન સમ્પર્કને ભરી રાખનારા પરિમલ નથવાણી આજે તો રિલાયન્સની પર્સનાલિટી તો છે જ પરંતુ સાથે - સાથે કોર્પોરેટ અફેર્સના ગ્રુપ પ્રેસિડેન્ટનો ઉચ્ચ હોદ્દો પણ ધરાવે છે. 'એક્સ્પોજર' મળે તો મનુષ્ય ક્યાંથી ક્યાં પહોંચી જાય તેનું ઉત્તમ ઉદાહરણ પરિમલ નથવાણી બન્યા છે. જામનગર જિલ્લાના જામ ખંભાળિયા જેવા નાના કસબામાંથી મુંબઇ જેવા મહાનગરમાં હાઇ-ફાઇ લાઇફ સુધી પહોંચવા માટે તેનો સંઘર્ષ પણ અવિસ્મરણીય ખરો. તેમના જ શબ્દો લઇએ તો — 'મેં સફળતા અને સિદ્ધિ માટે અવિરત સંઘર્ષ કર્યો છે. શહેરોમાં જ નાની-નાની સફળતાઓ અને સિદ્ધિઓ માટે ઝઝૂમતો અને મથતો રહ્યો છું. સંભવ છે કે ક્યારેક ક્યાંક-ક્યાંક નિષ્ફળ પણ ગયો છું, છતાં કંઇક વિશેષ, કંઇક આગવું, કંઇક મૌલિક કરતા રહેવાની ધૂન અને સતત મથ્યા રહેવાની આદતે અહીં સુધી પહોંચ્યો છું.'*

*રાજ્ય સભાના સભ્ય સુધીની ઉજવળ સફળતાના શિખરો સર કરવા માટે ક્યારેય પાછળ વળીને નહિ જોનારા પરિમલ નથવાણીનો જન્મ મુંબઇમાં ભલે થયો પરંતુ ત્યાર બાદ જીવનના વિવિધ તબક્કાઓ ખંભાળિયા, રાજકોટ, વડોદરા અને અમદાવાદ જેવા શહેરમાં પસાર કર્યા. ભણતર, શોખ, વ્યવસાય અને કારકિર્દીને ઘડવા માટે શહેરી*

જીવનમાં પ્રવેશેલા શ્રી નથવાણીએ સમ્પર્ક-સંબંધોને એવા ડેવલપ કર્યા કે તે તેમની મહેચ્છા અને સફળતામાં હંમેશા યશભાગી બનતા ગયા.

પરિમલભાઈની કથની કોઈ ફિલ્મની સ્ટોરીથી કમ નથી. ફિલ્મમાં જેમ હિરો અનેક સંઘર્ષ કરતો હોય અને અચાનક કોઈ બાબત ટર્નિંગ પોઈન્ટ બની જાય – જેથી તેનું જીવન સામાન્યમાંથી વિશેષ બની જાય છે. બસ, આવું જ કંઈક પરિમલભાઈના જીવનમાં બન્યું છે.

ખંભાળિયાનો ગુજરાતી યુવાન મુંબઈમાં શિક્ષણ લઈને રાજકોટ આવ્યો. રાજકોટમાં એક સાબુ કંપનીની એજન્સી લઈ તેના ઉત્પાદનથી શરૂ કરી માર્કેટીંગ સુધીની કામગીરી કરી. આ પહેલા તેમણે મુંબઈમાં ન્યૂ હીરા મિલના બ્લીચીંગ ખાતામાં થોડો સમય નોકરી કરેલી. એમ તો સાબુની એજન્સી પહેલા ઠંડા પીણાની ડિસ્ટ્રીબ્યુટરશીપ પણ કરી જોઈ. કારકિર્દીનું ઘડતર કરવા અલગ-અલગ ક્ષેત્રમાં પરિમલભાઈએ હાથ નાખ્યો પરંતુ તકદીરે સાથ ન આપ્યો. આ બધા ધંધાઓ આટોપી ગુજરાતી વ્યાપારીની ખાસિયત મુજબ શેર બજારમાં હાથ અજમાવવા દોડ્યા અને જોરદાર નિષ્ફળતા મળી.

હર્ષદ મહેતા કાંડને કારણે શેર બજારમાં લાખોની નૂકસાની વેઠી. સાબુ અને શેર બજારનો વ્યવસાયમાં જબરદસ્ત નૂકસાનને આજે પણ પરિમલ નથવાણી જિંદગીનો ટર્નિંગ પોઈન્ટ માને છે. ભગવાન શ્રી દ્વારકાધીશ તથા શ્રી ખોડિયાર માતાજીમાં અપાર શ્રદ્ધા ધરાવી તેઓએ ફરી જામનગરની વાટ પકડી, બેડી બંદર રોડ પર આવેલી ‘વ્હાઈટ હાઉસ’ નામની ઈમારતમાં ખોડિયાર એસ્ટેટના નામથી જમીન અંગે કામ શરૂ કર્યું.

જમીનના કામે જ નસીબ ચમક્યું. એમ કહો કે નસીબ આડેનું પાંદડુ હઠી ગયું. મોટી ખાવડી સહિતના અનેક ગામોની જમીન રિલાયન્સ રિફાઈનરીમાં સંપાદન કરાવવાની મોટી જવાબદારી પાર પાડતા ઉદ્યોગપતિ ધીરૂભાઈ અંબાણીની પારખું નજરમાં પરિમલભાઈ સાચા હિરાની માફક વસી ગયા.

ધીરૂભાઈ અંબાણીની આંગળી પકડનારા પરિમલ નથવાણીએ સફળતાના પ્રશ્ને પછી ક્યારેય પાછું વળીને જોયું નથી. હવે તો સફળતાનો પર્યાય પણ કહી શકો. એટલે સ્તો તે કહે છે કે ‘શહેરી જીવનમાં એક્સ્પોજરના લાભો મળ્યા, તેનાથી વિચારોનો વ્યાપ વધ્યો, અવસરો સુલભ-સુગમ બન્યા, સમય અને સ્થળની સાથે-સાથે વ્યક્તિગત સુખ-સુવિધા

તથા સાધન-સંપન્નતામાં પરિવર્તન પણ બન્યા. આમ છતાં વ્યક્તિ પોતાના પગ કેટલા જમીનને જકડી રાખે છે – તેનું મહત્વ જાણું છું.

જામનગરથી, ઝારખંડના રાજ્ય સભાના સભ્ય તરીકે દિલ્હી સુધીની યાત્રા તો કરી પણ તેમનું લક્ષ્ય-સંકલ્પ તો હજૂ ઊંચો જ છે. ભારત સરકારમાં મંત્રી પદ મેળવવું અને પોતાની જ નવી લિસ્ટેડ કંપની ઊભી કરવાની મહેચ્છા પરિમલ નથવાણી રાખે છે. મોટી મહત્વકાંક્ષાને આસાનીથી હાંસલ કરવા પાછળ તેમની પબ્લિક રિલેશન્સશીપનું ગજબનું નેટવર્ક છે. જામનગરના નાગરિક, પત્રકાર, ઉદ્યોગપતિથી લઈ ગાંધીનગર અને દિલ્હીના ટોચના નેતાઓ સાથે સંબંધો જાળવ્યા છે.

પરિમલ નથવાણી બન્યા એની વિશેષ યોગ્યતા શું ? તો જવાબ મળશે. જન સમ્પર્ક, માર્કેટીંગ અને મેનેજમેન્ટ. આ કારણે જ તેઓએ રિલાયન્સ રિફાઈનરી અને સેઝ માટે જમીન સંપાદન તથા રિલાયન્સના તમામ પ્રોજેક્ટસ્‌ની કામગીરીમાં સફળતા મેળવી. સાથે-સાથે ધીરૂભાઈના હોનહાર પુત્ર મૂકેશભાઈ અંબાણીનો વિશ્વાસ સંપાદન પણ કર્યો.

શહેરી જીવનના રંગ-ઢંગ, કામની ઝડપ અભિજીત્ય લક્ષણો, વેશભૂષા, આધુનિક રીત-રસમો વ્યક્તિત્વમાં વણાતી જાય. વ્યવસાય અને કામની જરૂરિયાતને અનુરૂપ જીવનમાં ફેરફાર થતા રહે છે. છતાં સ્થાનિક સમાજ કે દેવ દર્શનની માયા શ્રી નથવાણીએ છોડી નથી. ખંભાળિયા, જામનગર કે અન્ય ગામડાંની પાણીથી લઈને દરેક જરૂરિયાત કંપનીના માધ્યમથી પુરી પાડી છે, તો દ્વારકાધીશ દેવસ્થાન સમિતિ - શ્રી નાથદ્વારા ટેમ્પલ બોર્ડ વગેરે જેવી ધાર્મિક જગ્યાઓના ઉત્કર્ષ માટે પણ તેઓ સક્રિય રહ્યા છે. ઝારખંડથી રાજ્ય સભાની ચૂંટણીમાં જીત અને વતન ખંભાળિયામાં પીવાના પાણીની જરૂરિયાત પૂર્ણ કરવા બદલ થયેલા સાર્વજનિક સન્માનને તે જીવનની સુખદ ક્ષણ ગણાવે છે.

"શહેરી જીવનને લીધે જ" ગ્રામ્ય જીવનને વધુ સમજી શક્યો હોઉં તેમ બને. કારણ કે બન્ને વચ્ચેના 'પેરોડોક્સ'ને મેં નજરે જોયા-જાણ્યા છે. આથી જ અર્બન સિવિલાઈઝેશનની વિકાસ પ્રક્રિયા સાથે જોડાયેલો રહ્યો છું. મૂળભૂત રીતે વ્યક્તિના પોતાના ચરિત્ર, સિદ્ધાંતો, આકાંક્ષાઓ, મહત્વકાંક્ષાંઓ લગન, ધગશ, ખંત-મહેનત જેવાં પરિબળોનો તેમની સિદ્ધિ કે સફળતામાં મોટો ફાળો રહેલો હોય છે" આવી વિચારસરણી રાખતા પરિમલ નથવાણીની યાદગાર ક્ષણ એટલે ૧૯૮૭માં ક્રિકેટનો બોલ આંખમાં વાગ્યો એ. અને સૌથી દુ:ખદ ક્ષણ હતી ધીરૂભાઈ અંબાણીનું અવસાન.

♦ ♦ ♦